એટીએફની કિંમતમાં ૧૧.૩ ટકા સુધી ઘટાડો

નવીદિલ્હી,,તા. ૧

જેટ ફ્યુઅલની કિંમતમાં ૧૧.૩ ટકા સુધીનો ઉલ્લેખનીય ઘટાડો કરવામાં આવ્યો છે જેથી વિમાની ઘટાડા ઘટે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ઉડ્ડયન કંપનીઓ પરિસ્થિતિનો લાભ ઉઠાવી ફેરફાર કરે તેવી શક્યતા છે. જો કે, હજુ સુધી વિમાની કંપનીઓએ કોઈ વાત કરી નથી. આની સાથે જ એટીએફની કિંમત ડીઝલ કરતા ઘટી ગઈ છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતો હજુ સુધી સાપ્તાહિક આધાર પર ફેરફાર કરાઈ ન હતી. બિનસબસિડીવાળા એલપીજીની કિંમતમાં સિલિન્ડરદીઠ ૧૦૩.૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવી ચુક્યો

છે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતો છ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યા બાદ બિનસબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો કરાયો હતો. કંપની દ્વારા આજે જાહેરાત કરાઈ હતી કે, ઉડ્ડયન ટર્બાઈન ફ્યુઅલ અથવા તો એટીએફ અથવા તો જેટ ફ્યુઅલની દિલ્હીમાં કિંમત ૧૧.૭ ટકા અથવા તો ૫૯૦૯.૯ પ્રતિ કિલોલીટરનો ઘટાડો થઈ ગયો છે. ઓઈલ કંપનીએ કહ્યું છે કે, આ ઘટાડો ખુબ જ મોટો છે જેને તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યો છે. જો કે, હજુ સુધી એરલાઈન્સ દ્વારા કાપને લઈને કોઈ વાત કરાઈ નથી. નવેમ્બર મહિના બાદથી સતત ચોથી વખત એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરાયો છે. આની સાથે જ પેટ્રોલ અને ડિઝલ ઉપર લીટરદીઠ ૭.૭૫નો કુલ વધારો થયો છે. એટીએફ એક્સાઈઝ ડ્યુટી મારફતે આઠ ટકા રકમ મેળવે છે. આજના ઘટાડાની સાથે જ જેટ ફ્યુઅલના રેટમાં ઓગસ્ટ બાદથી સાતમી વખત ઘટાડો કરાયો છે. એરલાઈનના ઓપરેટિંગ ખર્ચ પૈકી ૪૦ ટકા ખર્ચ જેટ ફ્યુઅલનો રહે છે. કિંમતમાં કાપ બાદ રોકડ કટોકટીનો સામનો કરી રહેલી એરલાઈન્સો ઉપર નાણાંકીય બોજ ઘટે તેવી શક્યતા છે. જો કે, વિમાની યાત્રીઓને ભાડામાં કોઈ કાપનો લાભ અપાશે કે કેમ તે અંગે કોઈ ટિપ્પણી કરાઈ નથી.

શારદા કાંડ : મમતાની પુછપરછની ઉગ્ર માંગ

કોલકાતા, તા. ૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની શારદા ચીટ ફંડ કૌભાંડના સંદર્ભમાં આકરી પુછપરછ કરવાની ભાજપ દ્વારા માંગ કરવામાં આવતા રાજકીય ઉત્તેજના વધી ગઈ છે. સીબીઆઈએ ભાજપની માંગના એક દિવસ પહેલા જ તૃણમુલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા મુકુલ રોયની પુછપરછ કરી ચુકી છે. ભાજપે વરિષ્ઠ નેતાઓ ભાજપનો સંપર્ક મેમ્બરશીપ માટે શા માટે કરી રહ્યા છે તે અંગે ધ્યાન આપવા તૃણમુલના વડાને કહ્યું છે. ભાજપના રાષ્ટ્રીય સેક્રેટરી સિદ્ધાર્થનાથસિંહે કહ્યું છે કે, બે વ્યક્તિ માટે બે લાકડીઓ રહી શકે નહીં. આજ કારણસર મમતા બેનરજીની પણ પુછપરછ થવી જોઈએ. મુકુલ રોયની પુછપરછ શારદાના વડા સેન સાથે તેમની બેઠકના કારણે કરાઈ છે. મમતા બેનરજી પણ આ બેઠકમાં ઉપસ્થિત હતા જેથી તેમની પુછપરછ પણ થવી જોઈએ. ભાજપે તીવ્ર દબાણ વધારી દીધું છે. ભાજપના વડા અમિત શાહ એમ કહીને ખળભળાટ મચાવી ચુક્યા છે કે, તૃણમુલના કેટલાક મોટા માથા ભાજપમાં સામેલ થશે. ભાજપના સૂત્રોનું કહેવું છે કે, તૃણમુલના એક પ્રધાન, ત્રણ સાંસદો અને એક ધારાસભ્ય ટૂંકમાં ભાજપમાં જોડાશે. તૃણમુલની હાલત દિનપ્રતિદિન ખરાબ થઈ રહી છે. સામે ભાજપની સ્થિતિ દિન પ્રતિદિન વધુને વધુ મજબૂત થઈ રહી છે.

દિલ્હીમાં દ્વારકા ચૂંટણી રેલીમાં મોદી આક્રમક રંગમાં

નવી દિલ્હી, તા. ૧

દિલ્હી વિધાનસભા ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આક્રમક ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે. મોદીએ આજે ફરીવાર ચૂંટણી ઝંઝાવતી પ્રચારના ભાગરુપે ફરી એક રેલી યોજી હતી. આજની રેલીમાં પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ પર ફરીવાર પ્રહારો કર્યા હતા. દ્વારકામાં ભાજપની ચૂંટણી રેલીમાં મોદીએ નામ લીધા વગર કેજરીવાલ ઉપર ટિપ્પણી કરતા કહ્યું હતું કે, લોકોને મુરખ બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ઓઈલની કિંમત ઓછી થવા પર નસીબદાર કહેવાના વિપક્ષના કટાક્ષ ઉપર પણ મોદીએ પ્રતિક્રિયા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોને આ બાબતની પણ પીડા છે કે મોદી નસીબવાળા છે. પેટ્રોલ અને ડિઝલની કિંમત ઘટી છે. લોકોના ખિસ્સામાં પૈસા જઈ રહ્યા છે. તેમના પૈસા બચી રહ્યા છે. આવી સ્થિતિમાં પણ તેમને તકલીફ થઈ રહી છે. અમારા વિરોધીઓ કહે છે કે, આ મોદી નસીબવાળા છે જેથી આવું થયું છે. મોદીએ ઉપસ્થિત લોકોને પ્રશ્ન કરતા કહ્યું હતું કે, મતદારોને નસીબવાળા વ્યક્તિ જોઈએ તે જરૂરી છે. મોદી નસીબવાળા હોવાથી સામાન્ય લોકોના પૈસા બચી રહ્યા છે. મોદીનું ભાવિ દેશની સેવામાં આવે છે તો આનાથી કોઈ સારી બાબત હોઈ શકે નહીં. નસીબના લીધે પેટ્રોલ અને ડિઝલની કિંમત ઘટે છે.

નસીબના લીધે સામાન્ય લોકોના પૈસા બચે છે તો આવી સ્થિતિમાં કમનસીબને લાવવાની જરૂર શી છે. વિરોધ પ્રહાર, દેખાવો કરનાર લોકોને મતદારો માફ કરશે નહીં. મોટી મોટી વાતો કરનાર લોકો સરકાર બનાવવા માટે પડદા પાછળ વાત કરી રહ્યા છે. લોકો સાથે વિશ્વાસઘાત કરી પડદા પાછળ મિત્રતા સરકાર બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ફરી ચૂંટણી આવશે તો આને લઈને પણ ચર્ચા થઈ રહી છે. દરરોજ સવારે ઉઠ્યા બાદ નવી ચર્ચા શરૂ થઈ જાય છે. મોદીએ રેલીમાં કહ્યું હતું કે, પેટ્રોલ અને ડિઝલની કિંમતો ઘટી છે. એક જવાબદાર સરકાર ચૂંટી કાઢવા મોદીએ લોકોને અપીલ કરી હતી. પૂર્વાંચલનો કાર્ડ પણ રમ્યો હતો અને કહ્યું હતું કે, તેઓ વારાણસીના સાંસદ છે. આના ઉપર ગર્વ પણ છે. ઈન્દિરા ગાંધીના ગરીબી હટાવોના નારા ઉપર વાત કરતા મોદીએ કહ્યું હતું કે, અગાઉ કોઈપણ ગરીબ બેંકોમાં નજરે પડતા ન હતા. સરકારે ગરીબો માટે જનધન યોજના લાવી છે. આજે આઠ કરોડથી વધુ લોકો બેંક ખાતા ખોલાવી ચુક્યા છે. કોઈ વચનો તેઓ આપતા નથી. ચોક્કસ સમયમર્યાદામાં કામ કરવાની તેમની ટેવ રહી છે. મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યોની સ્થિતિ સુધરી ચુકી છે. દિલ્હીને ઝુપડપટ્ટી મુક્ત બનાવવાની પણ તેમણે વાત કરી હતી. દિલ્હીમાં હજુ પણ કાચા મકાન જોવા મળે છે. જ્યાં સુધી દેશના ગરીબ લોકો પાકા મકાનમાં રહેવા આવતા નથી ત્યાં સુધી તેમની કામગીરી અધુરી છે. કેજરીવાલ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, કેટલાક લોકોને માત્ર ટીવી ઉપર આવવાની ટેવ છે પરંતુ સરકાર બનાવી શકે છે.

મોદી મે મહિનામાં ચીનની ઐતિહાસિક મુલાકાતે જશે

નવીદિલ્હી, તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વર્ષે મે મહિનામાં ચીનની મુલાકાત લેશે. વિદેશપ્રધાન સુષ્મા સ્વરાજે આજે આ મુજબની જાહેરાત કરી હતી. ચીની સમકક્ષ વાંગ ઈ સાથે વાતચીત કરતા પહેલા સુષ્માએ આ મુજબની જાહેરાત કરી છે. તેમણે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી મે મહિનામાં ચીન જશે. તારીખો મોદીને આપી દેવામાં આવનાર છે. ભારતીય સમુદાયના લોકો સાથે વાતચીત કર્યા બાદ મિડિયા સાથેની વાતચીતમાં સુષ્મા સ્વરાજે આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ચીનની તેમની પ્રથમ મુલાકાતથી દ્વિપક્ષીય સંબંધો વધારે મજબૂત બનશે. સાથે સાથે કૈલાસ માનસરોવર યાત્રાને લઈને વાતચીત આગળ વધશે. કૈલાશ માનસરોવર યાત્રા માટે અલગ રુટ ખોલવા પર ખાસ ભાર મુકવામાં આવશે. તેમની યાત્રા દરમિયાન પમ આ વાતચીત થઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ ખુબ જ મોટી બાબત છે. આ રુટથી હજારોની સંખ્યામાં કૈલાશ માનસરોવરની યાત્રાએ જતા લોકોને સીધો ફાયદો થશે. બસથી સીધીરીતે આ લોકો જઈ શકશે. ચીની પ્રમુખ જિંનપિંગ ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં ભારતની ઐતિહાસિક યાત્રાએ આવ્યા હતા. આ મુલાકાતથી સંબંધો વધારે મજબૂત બનશે. ચીની પ્રમુખ સાથે વાતચીત ખુબ જ સફળ રહેશે. હાલમાં જ અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની સફળ ભારત યાત્રા રહી છે. કેટલાક લોકો એમ પણ કહી રહ્યા છે કે, ઓબામાની યાત્રાથી ભારત ચીનના સંબંધો ઉપર અસર થશે પરંતુ આ વાત બિલકુલ વાજબી નથી. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ બેજિંગ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે અગાઉ પહોંચ્યા હતા. છેલ્લા આઠ મહિનાના ગાળામાં બંને દેશો વચ્ચેના સંબંધો ઉલ્લેખનીયરીતે વધ્યા છે. ચર્ચા એવી પણ છે કે, નવા રુટની શરૂઆત થયા બાદ વડાપ્રધાન તરીકે ચીનની પ્રથમ યાત્રા દરમિયાન તેઓ કૈલાશ નવા રુટ મારફતે જશે. ચીની પ્રમુખ સાથેની તેમની વાતચીત સીમાચિન્હરુપી બની રહે તેવી શક્યતા છે.

૪.૧ ટકાનો ટાર્ગેટ નક્કી : સિટી

ડેફિસિટ ટાર્ગેટને પહોંચી વળવાના તમામ પ્રયાસો

નવીદિલ્હી, તા. ૧

નરેન્દ્ર મોદી સરકાર ઝડપથી સુધારા પ્રક્રિયાની દિશામાં આગળ વધી રહી છે. હવે ગ્લોબલ બ્રોકરેજ કંપની સિટી ગ્રુપ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, મોદી સરકાર વર્તમાન નાણાંકીય વર્ષ માટેના જીડીપીના ૪.૧ ટકાના ફિસ્કલ ડેફિસિટના ટાર્ગેટને પહોંચી વળવામાં સફળ રહેશે. સિટી ગ્રુપની આ આગાહીને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આની સીધી અસર આવતીકાલથી શરૂ થતા શેરબજાર ઉપર જોવા મળે તેવી શક્યતા છે. કન્ટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ ભારતમાં ફિસ્કલ ડેફિસિટનો આંકડો ડિસેમ્બરના અંત સુધી ૫.૩૧ લાખ કરોડના બજેટ અંદાજ કરતા પણ વધુ ગયો હતો. જો કે, મોદી સરકાર ખર્ચ અને રેવન્યુ વચ્ચેના અંતર જેને ફિસ્કલ ડેફિસિટ કહેવામાં આવે છે તેને પહોંચી વળવા તમામ પ્રયાસ કરે તેવી શક્યતા છે. ગયા વર્ષે આજ ગાળા દરમિયાન ફિસ્કલ ડેફિસિટનો આંકડો આ વર્ષના ૯૫.૨ ટકા રહ્યો હતો. કોલ ઇન્ડિયાની હિસ્સેદારી સરકારે વેચી દીધી છે. આનાથી સરકારને ૨૨૬૦૦ ક્રોડ રૂપિયા મળ્યા છે. આનાથી વધુ ફાયદો થશે. વધુ પીએસયુ કંપનીઓમાં ડિસઇન્વેસ્ટમેન્ટની યોજના ચાલી રહી છે જે આગામી બે મહિના સુધી જારી રહે તેવી શક્યતા છે.

હવે બિનસબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો

નવીદિલ્હી, તા.૧

એટીએફની કિંમતમાં ઘટાડાની સાથે સાથે બિનસબસિડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમતમાં આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં ઘટાડો થયા બાદ ઉલ્લેખનીયરીતે ઘટાડો કરાયો છે તેમાં સિલિન્ડરદીઠ ૧૦૩.૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. બીજી બાજુ બિનસબસિડીવાળા એલપીજીના રેટમાં પણ સતત સાતમી વખત ઘટાડો કરાયો છે. બિન સબસિડીવાળા સિલિન્ડરની કિંમત હવે દિલ્હીમાં ૭૦૮.૫૦થી ઘટીને ૬૦૫ રૂપિયા થઈ ગઈ છે. સબસિડિવાળા એલપીજીની કિંમત દિલ્હીમાં ૪૧૭ રૂપિયા છે જ્યારે બિનસબસિડીવાળા એલપીજીની કિંમતમાં છેલ્લે જાન્યુઆરી પહેલીના દિવસે ઘટાડો કરાયો હતો. આમા ૪૩.૫૦ સુધીનો ઘટાડો

કરાયો હતો. સતત સાતમા મહિનામાં ઘટાડો કરાયો છે જેથી બિનસબસિડીવાળા એલપીજી કિંમતમાં ૩૧૭.૫૦ રૂપિયાનો પ્રતિ સિલિન્ડર ઘટાડો થઈ ચુક્યો છે જે ત્રણ વર્ષની નીચી સપાટી છે. સબસિડીવાળા ૧૨ સિલિન્ડર એક પરિવારને આપવામાં આવે છે. ૧૨ સિલિન્ડર બાદ જે ૧૩માં સિલિન્ડરની ખરીદી કરવામાં આવે છે તે સિલિન્ડરની કિંમત હવે દિલ્હીમાં ઘટીને ૬૦૫ રૂપિયા થઈ ગઈ છે જે હજુ સુધી ૭૦૮.૫૦ રૂપિયા હતી. ગ્રાહકોને અને મોટા પરિવારોને આનો ફાયદો મળી શકે છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ દ્વારા જેટ ફ્યુઅલ અને બિનસબસિડીવાળા એલપીજીની કિંમતમાં આયાત કરવામાં આવતા ખર્ચ અને રૂપિયા-યુએસ ડોલર એક્સચેંજ રેટના આધાર પર દર મહિને પહેલી તારીખે ફેરફાર કરવામાં આવે છે.



૬૦માં ફિલ્મ ફેર એવોર્ડમાં બેસ્ટ એકટર તરીકે શાહિદ કપુરે ફિલ્મ હૈદર માટે અને બેસ્ટ એકટ્રેસ માટે કંગના રાણાવતે ફિલ્મ કવીન માટે એવોર્ડ જીત્યો છે. કવીન ફીલ્મને અલગ અલગ ૬ કેટેગરીમાં છ એવોર્ડ મળ્યા છે જેમાં વિકાસ બહલને બેસ્ટ ડાયરેકટરનો એવોર્ડ મળ્યો છે. જયારે બેસ્ટ ફિલ્મ પણ કવીન જાહેર કરાઈ છે.

રાજસ્થાન : અશોક ગહેલોત પણ સ્વાઈન ફ્લુના સકંજામાં

જયપુર, તા. ૧

રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ગહેલોત સ્વાઈન ફ્લુ માટે ટેસ્ટ પોઝિટિવ આવતા ખળભળાટ મચી ગયો છે. ટ્વિટર ઉપર ગહેલોતે કબૂલાત કરી છે કે, તેઓ એચવનએનવન વાઈરસના સકંજામાં આવી ગયા છેઅને ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે પરંતુ તેમની સ્થિતિ સારવાર લીધા બાદ સુધરી રહી છે.

ટ્વિટર પર તેમણે કહ્યું છે કે, સ્વાઈન ફ્લુ ટેસ્ટપોઝિટિવના રિપોર્ટ આવ્યા છે. ગહેલોત હાલમાં ઘરે આરામ કરી રહ્યા છે અને પુરતી દવાઓ લઈ રહ્યા છે. તેમના અંગત સચિવ દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રીને છેલ્લા ત્રણ દિવસથી તાવની અસર હતી. તાવ, શરદી, ખાંસીની અસર થયા બાદ તેમના જરૂરી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. દિલ્હીમાં ચૂંટણી પ્રચાર કરવા માટે તેઓ પહોંચ્યા હતા તે ગાળા દરમિયાન પ્રચાર કર્યા બાદ તેઓ અસ્વસ્થ થઈ ગયા હતા. ૩૦મી જાન્યુઆરીના દિવસે કોંગ્રેસના ઉમેદવારો માટે પ્રચાર માટે પહોંચ્યા હતા. બીજી બાજુ રાજસ્થાનમાં સ્વાઈન ફ્લુએ જોરદાર આતંક મચાવ્યો છે. નવા વર્ષમાં હજુ સુધી ૨૮ લોકોના મોત થઈ ચુક્યા છે. રાજ્ય સરકારે ખાસ તબીબી ટીમો ગોઠવી દીધી છે. રાજ્ય સરકારે જુદા જુદા જિલ્લાઓમાં જવા મેડિકલ ડિરેક્ટોરેટના વરિષ્ઠ તબીબી અધિકારીઓને આદેશ કર્યા છે. સ્વાઈન ફ્લુના કેસો ઉપર નજર રાખવા માટે પણ કહેવામાં આવ્યું છે. સ્વાઈન ફ્લુને લઈને રાજસ્થાનમાં જ નહીં બલ્કે દેશના અન્ય ભાગોમાં પણ ભારે ખળભળાટ મચેલો છે. આગામી દિવસોમાં વધુ પગલા લેવાય તેવી પણ શક્યતા છે.

તમિળનાડુ કોંગ્રેસ પ્રમુખ સામે પગલા લેવાઈ શકે

ચેન્નાઈ, તા. ૧

ભૂતપૂર્વ કેન્દ્રીયપ્રધાન પી. ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તિ ટૂંક સમયમાં જ કોંગ્રેસ સાથે છેડો ફાડી લેશે તેવા નિવેદનથી લાલઘૂમ થયેલા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આવા નિવેદન કરનારની જોરદાર ઝાટકણી કાઢી છે. કોંગ્રેસ હાઈકમાન્ડે તમિળનાડુ કોંગ્રેસના વડા સામે પગલા લેવાની તૈયારી કરી લીધી છે.

પાર્ટી લીડરશીપે તમિળનાડુ કોંગ્રેસના પ્રમુખ એસ ઈલાનગોવનને દિલ્હી આવવા માટે કહેવામાં આવ્યું છે. તેમની સામે સમન્સ જારી કરવામાં આવી ચુક્યું છે. તેમની હકાલપટ્ટી કરવામાં આવે તેવી શક્યતા છે. ચિદમ્બરમ અગાઉ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને તેમના આવાસ ઉપર મળ્યા હતા અને તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી. રાહુલ ગાંધી પણ ચિદમ્બરમની વાતમાં વિશ્વાસ કરી ચુક્યા છે. આવી સ્થિતિમાં તમિળનાડુ કોંગ્રેસના વડા સામે પગલા લેવામાં આવે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે.

શાસ્ત્રીનગરમાં એએપીની આક્રમક રેલી

મોદી મોટી યોજનાના બદલે તેમની સામે જ પ્રહાર કરે છે

નવીદિલ્હી,તા. ૧

એએપીના નેતા અરવિંદ કેજરીવાલે નરેન્દ્ર મોદી ઉપર વળતા પ્રહાર કરતા કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોઈ મોટી યોજનાઓની વાત કરતા નથી. તેઓ માત્ર તેમની સામે જ આક્ષેપ બાજી કરી રહ્યા છે. શાસ્ત્રીનગરમાં ચૂંટણી રેલીને સંબોધતા કેજરીવાલે આ મુજબના પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, તેઓએ અખબારો ખરીદ્યા છે.

પુરાવા વગર તેઓ કંઈ બોલતા નથી. મારી સામે કેસો કરવામાં આવી રહ્યા છે. ભાજપના નેતાઓની કંપનીઓ દ્વારા ઈલેક્ટ્રીસિટીના મીટરો સ્થાપિત કરવામાં આવ્યા હતા. કેજરીવાલે કહ્યું હતું કે, વડાપ્રધાન અહીં આવશે તેઓ મોટા નેતા છે. કોઈ મોટી યોજનાની વાત કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ફૂડ ઓઈલની આયાત કરવામાં આવે છે ત્યારબાદ પ્યુરિફાઈડ કરવામાં આવે છે. જો છ મહિનામાં ફૂડની કિંમત અડધી થઈ ગઈ છે તો પેટ્રોલ ડિઝલની કિંમત આનાથી પણ ખુબ ઓછી થવી જોઈએ. પેટ્રોલ ડિઝલની કિંમત ઘટાડી દેવામાં આવી છે પરંતુ ભારતમાં પેટ્રોલનું નિર્માણ કઈ રીતે થાય છે તેની લોકોને ખબર નથી. લોકો માટે તેઓ ધરણા ઉપર બેસે છે. પોતાના માટે ધરણા કરતા નથી. ભાજપ માત્ર એવા જ ગરીબીરેખાના નીચેના લોકોને એલપીજી સબસિડી આપશે. બીપીએલ કાર્ડ ધારકોને લઈને પણ ગણતરી થઈ રહી છે. કેજરીવાલ કહ્યું હતું કે, ભાજપને મત આપવામાં આવશે તો વિજળીના મીટર વધુ ઝડપથી ફરશે. એએપી લોકોને આપવામાં આવેલા વચનોને પાળવામાં કોઈ ભુલ કરશે નહીં. મોંઘવારી અને ફુગાવાને અંકુશમાં લેવાની વાત પણ અરવિંદ કેજરીવાલે કરી હતી. વિજ ટેરિફને ઘટાડવાના પ્રશ્નનું શું થયું તેવા પ્રશ્ન પણ કેજરીવાલે પ્રચાર દરમિયાન કર્યા હતા. આગામી દિવસોમાં પ્રચાર વધુ ઝડપી કરાશે.

સમાચાર ઝલક

- **ચાંદખેડાની સ્કુલના બિનવારસી લોકરમાંથી એક કરોડ કેશ, ૬૦ લાખનું સોનું મળ્યું.**
- **ભારતીય નાગરિકોને ૨૦૧૬ના વર્ષથી ઈ પાસપોર્ટ ઉપલબ્ધ થશે.**
- **ઈ-વેસ્ટનો આડેધડ નિકાલ કરવા પર મનાઈ.**
- **૪૩ સ્થળોએ ૯મી ફેબ્રુઆરીથી આરટીઈના ફોર્મનું વિતરણ થશે.**
- **ગાંધીનગર-સુરત સ્ટેશનને પીપીપી મોડેલથી અદ્યતન બનાવાશે.**
- **ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી ૬ નાં મોત.**
- **ગુજરાતમાં છેલ્લા ૪ વર્ષમાં સાયબર ક્રાઈમમાં ૪૦ ટકાનો વધારો.**
- **મર્યાદા વગરનું જીવન શુન્ય તુલ્ય છે : વિજય કિર્તીયશસૂરીજી**
- **છ મહિના પહેલા મુંબઈ આવેલા ગુજરાતી વૃધ્ધાનો જીવ લીધો કચરાગાડીએ.**
- **સરકાર ધ્યાન નહીં આપે તો પાવરલૂમ ઉદ્યોગ ભંગારના ભાવે વેચાશે.**

વ્યાજદરમાં વધુ ૨૫ બેઝિક પોઇન્ટનો હવે ઘટાડો કરાશે

નવીદિલ્હી, તા. ૧

વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુસર આરબીઆઈ બજારમાં વધુ ઉત્સાહ જગાવી શકે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આરબીઆઈ પોલીસી રેટમાં આ સપ્તાહમાં વધુ ૦.૨૫ ટકા સુધીનો ઘટાડો કરી શકે છે. ફુગાવાનો આંકડો નિયંત્રણ હેઠળ છે. ફિસ્કલ સ્થિતિ પણ ઘણી સારી દેખાઈ રહી છે. સીઆઈએલમાં રેકોર્ડ ડિસઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયા હાથ ધરાયા બાદ સ્થિતિ ઘણી સારી દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં સરકાર કોઈપણરીતે સ્થિતિને હળવી કરાવવા ઈચ્છુક છે. છેલ્લા ૨૦ મહિના સુધી નાણાંકીય મોરચે કઠોર વલણ અપનાવ્યા બાદ ગયા મહિને જ આરબીઆઈએ તમામને ચોંકાવી દઈને પોલિસી રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આરબીઆઈ ત્રીજી ફેબ્રુઆરીના દિવસે એટલે કે મંગળવારના દિવસે તેની છઠ્ઠી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરનાર છે જેના ઉપર તમામ અર્થશાસ્ત્રીઓ અને શેરબજારની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. મોટાભાગના બેંકરો અને અર્થશાસ્ત્રીઓ માને છે કે, આરબીઆઈ દ્વારા વધુ કાપની સ્થિતિ રહેલી છે. આરબીઆઈ દ્વારા કાપને લઈને ગણતરી ચાલી રહી છે. ફિસ્કલ ડેફિસિટના મોરચે પ્રવર્તી રહેલી ચિંતાઓ પણ દૂર થઈ છે. કારણ કે, ગયા સપ્તાહમાં સરકાર કોલ ઈન્ડિયા લિમિટેડમાં ૧૦ ટકા હિસ્સો વેચીને ૨૨૫૭૭ક્રોડ રૂપિયા ઉભા કરી લીધા છે. પોલિસી રેપોરેટમાં ગયા મહિને ૮ ટકાથી ઘટાડીને તેને ૭.૭૫ ટકા કરી દીધા બાદ આરબીઆઈએ એમ પણ કહ્યું હતું કે, ફુગાવાની સ્થિતિ અને મહેસુલી સ્થિતિ સારી રહેશે તો રેટમાં વધુ કાપ મુકવામાં આવશે. ડિસેમ્બર મહિનામાં રિટેલ ફુગાવો પાંચ ટકા રહ્યો હતો જ્યારે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ ઝીરો લેવલની સપાટીએ રહ્યો હતો. માઈક્રો આર્થિક સ્થિતિ ઘણી સારી હોવાથી સરકાર અને ઈન્ડસ્ટ્રી દ્વારા પણ રેટમાં વધુ કાપ મુકવાની રજૂઆત કરી રહ્યા છે. આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન ઉપર ગયા મહિના સુધી ખુબ દબાણ રહ્યું હતું. મોટાભાગના બેંકિંગ નિષ્ણાતો માની રહ્યા છે કે, આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન ત્રીજી ફેબ્રુઆરીના દિવસે રેટમાં વધુ ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરશે.